ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                    તા. ૨૨-૦૭-૨૦૨૨

**દેશના સંશાધનો, તિજોરી ઉપર ગરીબ સામાન્ય નાગરિકોનો હક્ક છે, શોષિત વંચિતોનો હક્ક છે, લુટારા - મળતીયાઓનો નહી તેવા સ્પષ્ટ પ્રત્યાઘાત** સાથે રાજીવ ગાંધી ભવન ખાતે ખાસ પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ નિમાયા તે સંદર્ભે અમદાવાદમાં એક સદભાવના સંમેલનની અંદર વક્તાઓની સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોરે જે નિવેદન કર્યું અને તે સંદર્ભે **ભાજપ અને ચોક્કસ લોકોએ એને તોડી મરડીને પ્રજા સમક્ષ રજુ કર્યું અને એના પછી ભાજપના લોકોએ ગઈ કાલે રાત્રે અહિંયા એજ મુદ્દો ફરી પાછો ચગાવવા માટે કોંગ્રેસ પક્ષના કાર્યાલયના દિવાલ ઉપર પ્રદુષણ કરવાનું જે કામ કર્યું** એ સંદર્ભે અમારે એટલું જ કહેવાનું છે કે, શ્રી જગદીશભાઈ ઠાકોરનું નિવેદનને તોડી મરડીને રજુ કરવામાં આવ્યું છે. આખા ભાષણની અંદર અગાઉ શું બોલ્યા, પછી શું બોલ્યા એને બદલે એક જ ટુકડો લઈને ભાજપ વિવાદ કરીને રાજ્યના જનતાને સ્પર્ષતા મુખ્ય મુદ્દાઓ બેરોજગારી, મોંઘવારી, પડી ભાગેલી શિક્ષણ, આરોગ્ય સેવા, ખેડૂતોની પારાવાર મુશ્કેલી, કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ સહિતના પ્રશ્નોથી ધ્યાન ભટકાવવાનું સુનિયોજીત પ્રયત્ન કરી રહી છે અને નોનઈશ્યુના મુદ્દે વિવાદ ઉભો કરી રહી છે. દેશના તત્કાલીક વડાપ્રધાન ડૉ. મનમોહન સીંઘના નિવેદનને આ રીતનું જ તોડી મરોડીને નિવેદન રજુ કરવામાં આવ્યું હતું અને એ વખતના વડાપ્રધાનના કાર્યાલયએ સ્પષ્ટતા કરવી પડી હતી કે આખુ નિવેદન ફરી જોવુ જોઈએ અને જે આજે પ્રધાનમંત્રી કાર્યાલયના સત્તાવાર દસ્તાવેજમાં ઉપલબ્ધ છે. સવાલ એટલો જ છે કે આ દેશની તિજોરી ઉપર કોનો અધિકાર છે ? **વિજય માલીયા, લલીત મોદી, નિરવ મોદી, મેહુલ ચોક્સી, સાંડિસરા ભાઈઓ સહિતના વિદેશ ભાગી ગયેલા એવા લુંટારાઓનો કે પછી દેશના સામાન્ય પ્રજાજનો કે જેઓ ગરીબ, સામાન્ય, શોષીત અને વંચિત છે તેમનો અધિકાર,** ભાજપ જવાબ આપે. દેશના ખેડૂતોનો, ગરીબોનો, દલિતોનો, આદિવાસીઓનો, ઓબીસીઓનો, લઘુમતિઓનો, નાના વેપારીઓનો કે જે માલેતુજાર જેના દેવા વર્તમાન ભાજપની સરકારે માફ કર્યા છે એવા મોટો ઉદ્યોગોનો જેના ૮.૫ લાખ કરોડના દેવા માફ કર્યા છે, શું એનો અધિકાર છે ? ભાજપ જવાબ આપે. આ દેશના સંશાધનો, જંગલની જમીન હોય કે સામાન્ય જમીન હોય, એ જમીનો એક રૂપિયા ચો.મીટરના ભાવે લાખો એકર જમીન ઉદ્યોગપતિઓને આપી તેમનો અધિકાર છે કે ૫૦-૧૦૦ વારનો ઘર મેળવવા સામાન્ય - ગરીબ લોકોનો અધિકાર છે. આ વાત કોંગ્રેસ દેશહિતમાં પ્રજાવતી કરી રહી છે. ભાજપાની જનવિરોધી નીતિ અંગે દેશ જવાબ માંગે છે.

ચીન રોજ ઘૂસણખોરી કરે, સરહદ પર ગામ બનાવી દે, પુલ બનાવી દે છતાં ભાજપ સરકાર કેમ મૌન છે? રૂપિયાનું સતત અવમૂલ્યન, ૮૦ને પાર, આર્થિક હાલાકી પારાવાર, ભાજપ સરકારનો જવાબ નહીં. મુખ્ય **મુદ્દાઓથી ધ્યાન ભટકાવવાની ભાજપાની ભ્રષ્ટ નીતિ-રીતિ સમગ્ર રાષ્ટ્ર અને દેશ પુરી રીતે જાણી ચુક્યું છે**. હિંદુ-મુસ્લીમના નામે, જ્ઞાતિ-જાતી વચ્ચે વેર ઉભો કરવા, વિભાજનની રાજનીતિ, ભાજપની સત્તા મેળવવાની

જડીબુટ્ટી છે. મોંઘવારી દર સૌથી ઉંચો છે, રોજ-બરોજની જરૂરિયાત - દહિં, છાસ, લોટ પર જી.એસ.ટી. (ગબ્બર સીંગ ટેક્ષ) થોપી દેવામાં આવ્યો છે. **કહેવાતી હિંદુઓની ઠેકેદાર સરકારમાં સન્માન સાથે જીવન જીવવાનો તો અધિકાર છીનવાઈ રહ્યો છે પણ સન્માન સાથે અંતિમ સંસ્કાર માટે જરૂરી સામગ્રી અને લાકડા પર ૧૮ ટકા જીએસટી ભાજપ કેમ મૌન** છે ? નાના વેપાર ધંધા, રોજગાર ખતમ છતા ભાજપ કેમ ચુપ છે ? દર વર્ષે બે કરોડ રોજગાર વચન આપનાર મોદી સરકારમાં આઠ વર્ષમાં સોળ કરોડ રોજગાર તો ન મળ્યા પણ જે રોજગાર હતા તે **આઠ કરોડ થી વધુ રોજગાર છીનવાઈ ગયા, બેરોજગારીનો દર ૪૫ વર્ષમાં સૌથી ઉંચો છતાં ભાજપા કેમ ચુપ** છે ? **કોરોના કાળમાં ભાજપ સરકારની ગુન્હાહિત બેદરકારીના કારણે ત્રણ લાખથી વધુ નાગરિકોએ જીવ ગુમાવ્યા છતાં ભાજપા કેમ ચુપ** છે ? કોરોના કાળમાં રેમડેસીવર, દવાઓમાં બેફામ લૂંટ, કાળાબજાર, હોસ્પીટલના આડેધડ બીલો છતા ભાજપ સરકાર કેમ ચુપ છે ? આ તમામ મૂળભુત સમસ્યા માટે ભાજપાના શાસકો સીધા જવાબદાર છે ત્યારે **ચૂંટણી સમયે નતનવા નાટકો કરી નિષ્ફળ ભાજપ શાસનથી પ્રજાનું ધ્યાન ભટકાવવા ખેલ કરનાર ભાજપાના કારનામા - કાવતરાને સફળ થવા દેવામાં નહીં આવે.**

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા